# દિલ્હી પ્રજાસત્તાક ઉજવણીમાં કચ્છની કલા વિષયક ટેબ્લો

## ગુજરાતનો ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બનશે : દિલ્હીના રાજપથ માર્ગ ઉપર દબદબાભેર પસાર થનાર રાષ્ટ્રીય પરેડમાં રાજ્ય તરફથી પણ ટેબ્લો મંજૂર કરાયો

ગાંધીનગર, તા.૨૨

પ્રજાસત્તાક દિન નિમિત્તે આગામી ૨૬મી જાન્યુઆરીએ નવી દિલ્હી ખાતે યોજાનાર રાષ્ટ્રીય પરેડમાં આ વર્ષે ગુજરાત સરકાર દ્વારા કચ્છની કલા, સંસ્કૃતિ અને જીવન શૈલી વિષય ઉપર સુંદર ટેબ્લો રજૂ કરવામાં આવશે. દિલ્હીના રાજપથ માર્ગ ઉપરથી દબદબાભેર પસાર થનાર આ રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત તરફથી રજુ થનાર આ ટેબ્લોમાં આગળના ભાગે કચ્છી ભરતકામ કરતી મહિલાને આબેહુબ રીતે પ્રદર્શિત કરવામાં આવી છે. કચ્છમાં ૧૬ પ્રકારના ભરતકામ રોગન કલા ઉપરાંત રણમાં ગરમી ઠંડી સામે રક્ષણ આપતું કચ્છનું પરંપરાગત નિવાસસ્થળ ભુંગો કચ્છની વિવિધ કલા કસબની સજાવટ સાથે સાબેહુબ રીતે પ્રદર્શિત કરવામાં આવ્યો છે. કચ્છના આ ભુંગાએ પણ તેની માટે કલા દ્વારા કચ્છને વિશ્વ ભરમાં એક વિશિષ્ટ ઓળખ અપાવી છે. કચ્છની દરેક સંસ્થા કચ્છના પરંપરાગત લોક વાદ્યોથી સુમધુર હોય છે. કચ્છના મોરચંગ, નાગફણી, સુરંધો, બોરિંદો જેવા વાદ્યોને પણ ટેબ્લોના પાછળના ભાગમાં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. ટેબ્લોની સાથે સાથે કચ્છની વેશભૂષામાં સુસજ્જ કલાકારો પંરપરાગત લોક નૃત્યો



સુપ્રસિદ્ધ થયેલા છે અને આજે કચ્છના આ ભરતકામને વિશ્વભરમાં નામના મળી છે. કચ્છમાં આવતા વિદેશીઓ આ ભરતકામના વિવિધ નમૂનાઓ ખરીદીને ખાસ સંભારણા તરીકે સાચવી રાખે છે.

ભરતકામની બનેલી અનેકવિધ ચીજવસ્તુઓ ભેટ તરીકે પણ આપવામાં આવે છે. ટેબ્લોના પાછળના ભાગમાં મોચી ભરતકામ કરતાં કચ્છી કલાકારો, કચ્છી ભરતકામની શણગારેલુ કચ્છી ઊંટ, કચ્છની વિશ્વપ્રસિદ્ધ રાસની રમઝટ પણ જમાવશે.

માહિતી નિયામક એ.જે.શાહ (IAS), અધિક માહિતી નિયામક અરવિંદ પટેલ, નાયબ માહિતી નિયામક (જાહેર ખબર) પંકજ મોદી તથા નાયબ માહિતી નિયામક (ફિલ્મ) મુકુંદભાઈ પટેલના માર્ગદર્શન પ્રમાણે અમદાવાદના સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝીંગ પ્રા. લી. ના સિદ્ધેશ્વર કાનુગા તથા તેમની ટીમે આ ટેબ્લો નિર્માણ કરેલ છે.

# રાજ્યમાં ઠંડીમાં પુનઃ વધારો

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેર અને રાજ્યભરમાં ફરીએકવાર તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન શનિવારના દિવસે નોંધાયેલા ૧૬.૨ ડિગ્રીની સરખામણીમાં ઘટીને ૧૪.૮ ડિગ્રી નોંધાયું હતું.

આવી જ રીતે પાટનગર ગાંધીનગરમાં પણ તાપમાન શનિવારની સરખામણીમાં ઘટીને ૧૪ થયું હતું. નલિયા અને અન્ય સૌથી ઠંડી વાળા વિસ્તારોમાં પણ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. કોઈપણ પ્રકારની કોલ્ડવેવની ચેતવણી જારી કરાઈ નથી પરંતુ સવારના ગાળામાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં હાલ કોઈ સુધારો નહીં થાય તેવી શક્યતા છે. નિચલી સપાટી ઉપર ઉત્તરપૂર્વથી પૂર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૦.૪ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આવતીકાલે વાદળછાયું વાતાવરણ આંશિક રીતે રહેશે. બીજી બાજુ ઉત્તર ભારતમાં ઠંડીના લીધે જનજીવન ખોરવાયેલું છે.

# ગાંધીનગર ખાતે ભૂતપૂર્વ સૈનિકોની મહારેલી યોજાઈ






ગાંધીનગર, તા.૨૨

આજરોજ ગોલ્ડન કટાર ડિવીઝન દ્વારા એક ભૂતપૂર્વ સૈનિકોની મહારેલીનું આયોજન કર્યુ હતું.સેના એ તમામ ભૂતપૂર્વ સૈનિકો અને વીર મહિલાઓ તેમજ તેમના પરિવારની સારસંભાળ લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના વિવિધ ક્ષેત્રોમાંથી ભૂતપૂર્વ સૈનિકો આ રેલીમાં ઉપસ્થિત રહ્યા હતા. ગોલ્ડન કટાર ડિવીઝનના આ કાર્યક્રમમાં મેજર જનરલ એસ.કે.પરાશર, વી.એસ.એમ, જી.ઓ.સી. મુખ્ય મહેમાન પદે હાજર રહ્યા હતા.આ પ્રસંગે પ્રસંગોચિત પ્રવચનમાં સેના ભૂતપૂર્વ સૈનિકોને પડતી મુશ્કેલીઓને હંમેશા ગંભીરતાથી લઈ રહી છે અને તેના નિવારણ માટે પ્રયાસ કરી રહી છે. રેલીમાં ભૂતપૂર્વ સૈનિકોના કલ્યાણ માટે ખોલવામાં આવેલી વિવિધ શિબિરોની પ્રશંસા કરી હતી. આ રેલીમાં પેન્શન વિસંગતા શિબિર, રોજગાર શિબિર, તેમજ આરોગ્ય નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હદયરોગ, હાડકાના રોગ, કાન નાક ગળાના રોગ, સ્ત્રી રોગ, પેટના રોગ, આંખના રોગ, દાંતના રોગ, સહિતના રોગ અંગે ડોક્ટર દ્વારા જરુરી માર્ગદર્શન અને જરુરી દવાઓ નિશુલ્ક પણે આપવામાં આવી હતી. આ મહારેલીમાં ભૂતપૂર્વ સૈનિકો, વીર મહિલાઓ તેમજ તેમના પરિવારના સભ્યોએ મોટીસંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ સેના દ્વારા સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભાજપ સરકારની જનવિરોધી નીતિ ખુલ્લી પડી ગઈ : કોંગ્રેસ

## કોંગ્રેસ પક્ષ પર ઠરાવ પસાર કરવાની ફરજ પડી સમાજના વિવિધ સંગઠનો હિસાબ માંગી રહ્યા છે

અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં ૨૦ વર્ષથી સત્તાધારી ભાજપની કારોબારીની કરુણતા તો એ છે કે, પ્રજા માટે શુ કર્યુ અને હવે શુ કરશે તે અંગે ચર્ચા વિચારણા કરવાને બદલે પ્રતિપક્ષ કોંગ્રેસ પક્ષ પર ઠરાવ પસાર કરવો પડે એ જ દર્શાવે છે કે, ભાજપ સરકારની જનવિરોધી નીતિઓ ખુલ્લી પડી ગઈ છે. જેનો સમાજના વિવિધ સંગઠનો હિસાબ માંગી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ પક્ષ પર આક્ષેપ કરવાને બદલે ભાજપ કારોબારી પ્રમાણિકતાથી ચિંતન મનન મંથન કરી ગુજરાતના નાગરિકોના હિતમાં ઠરાવ પસાર કરે તેવી માંગ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, સત્તા પક્ષ તેમની કારોબારીમાં પજાકીય બાબતોને મહત્વ આપવી જોઈએ. લોકતંત્રમાં કોંગ્રેસ પક્ષને વિપક્ષ તરીકે મળેલી જવાબદારીના ભાગરૂપે સત્તાધારી પક્ષની પ્રજા વિરોધી નિતિઓને ખુલ્લી કરવી, પ્રજાને તેમના હક્ક અધિકાર માટે મદદ કરવી, સરકાર તરફથી અન્યાય સામે લડત આપવી મુખ્ય છે. કમનસીબે ભાજપ ૨૦ વર્ષથી સત્તાસ્થાને હોવા છતાં ગુજરાતના ખેડુતોને સિંચાઈનું પાણી મળતું નથી, કપાસ, મગફળી, ટામેટા, બટાકા, ડુંગળી સહિતની ખેત પેદાશોના ટેકાના ભાવો મળતાં નથી. મોઘી વીજળી, મોંઘા ખાતર, મોંઘા બિયારણના પરિણામે ખેડુતો આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા છે. ગુજરાતમાં શિક્ષિત નવયુવાનોને રોજગાર મળતો નથી. સરકારી નોકરીઓમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થાય છે.

ફિક્સ પગાર, કોન્ટ્રક્ટ પ્રથા અને આઉટસોસિંગના નામે ગુજરાતના શિક્ષિત યુવાનોનું આર્થિક શોષણ થઈ રહ્યું છે. ગુજરાતમાં ભાજપ સરકારની જનવિરોધી નિતિના કારણે શિક્ષણ અતિ મોંઘુ છે, લાખો રૂપિયાના ટયુશન પ્રથા અને ડોનેશનના દુષણનો ગુજરાતના વિદ્યાર્થી વાલીઓ ભોગ બની રહ્યા છે.

# યુવા પેઢી ઉંચા લક્ષ્ય રાખી હવે પડકારોનો સામનો કરે : રાજ્યપાલ

## ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા અંગે સંવાદ : ખંતથી પુરુષાર્થ કરવાથી ધારી સફળતા મળે છે : કોહલી

ગાંધીનગર, તા.૨૨

રાજયપાલ ઓપી કોહલીએ જણાવ્યું કે, ભારતીય યુવાનોમાં અસમિતિ સામર્થ્ય પડ્યું છે. યુવા પેઢીએ ઊંચા લક્ષ્ય રાખવાની જરૂર છે અને આ લક્ષ્યને હાંસલ કરવા માટે આવતા પડકારોનો સામનો કરવાની પણ યુવા પેઢીએ તૈયારી રાખવી જોઈએ. રાજયપાલએ બિહાર કલ્ચરલ એસોસિએશન દ્વારા આયોજિત આધુનિક અને કૌશલ્યસભર ભારતના નિર્માણમાં યુવાઓની અને ઉત્પ્રેરણા વિષયક પરિસંવાદમાં જણાવ્યું કે, યુવાઓમાં શિક્ષણનું પ્રમાણ વધે, ખાસ કરીને, કૌશલ્યલક્ષી શિક્ષણ એ આજની જરૂરિયાત છે અને કૌશલ્યલક્ષી શિક્ષણથી રોજગારના વધુ અવસર પણ પેદા થશે. યુવાઓનું ધ્યેય રાષ્ટ્રને વિકસિત ઉન્નત રાષ્ટ્ર કરવાનું અને તે દ્વારા દેશને પરમ વૈભવના શિખરે પહોંચાડવાનું હોવું જોઈએ તેમ જણાવી તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાઓને પ્રેરિત કરવા સ્ટાર્ટ અપ ઈન્ડિયા સ્ટેન્ડ અપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા જેવા અભિયાન શરૂ કર્યા છે. એક લક્ષ્ય હાંસલ કરી તેનાથી થોડુ ઉપરનું લક્ષ્ય



નિર્ધારિત કરી ખંતથી પુરુષાર્થ કરવાથી ચોક્કસ ધારી સફળતા હાંસલ થાય જ છે તેની ભૂમિકા તેમણે આપી હતી. આ પ્રસંગે દિપક ઠાકુર, ઈન્કમટેક્ષ કમિશનર અવિનાશ કિશોર સહાય, જાણિતા વંધ્યત્વ નિષ્ણાંત ડૉ.જયેશ અમીનએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતી. આ અવસરે બિહાર કલ્ચરલ એસોસિએશનના પ્રમુખ અનિલ ઝા, ઉપપ્રમુખ સંતોષ ઝા તથા બિહારી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### રેલ અકસ્માત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. હાલમાં રેલ દુર્ઘટનાઓનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. રાયગઢના કલેક્ટર પૂનમ ગુહાએ માહિતી આપતા કહ્યું છે કે, હજુ સુધી ૩૨ લોકોના મોત થયા છે અને ૫૦ લોકો ઘાયલ થયા છે. ઈસ્ટકોસ્ટ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારીનું કહેવું છે કે, કુનેરુ સ્ટેશન નજીક ૧૮૪૪૮ જગદલપુર-ભુવનેશ્વર એક્સપ્રેસના નવ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. એન્જિન પણ પાટા પરથી ખડી પડતા આ બનાવ બન્યો હતો. જનસંપર્ક અધિકારી જેપી મિશ્રાએ કહ્યું છે કે, ઘટનાસ્થળે તબીબોની ટુકડી પણ તરત જ પહોંચી ગઈ હતી. અસરગ્રસ્ત ટ્રેનના ડબ્બામાંથી લોકોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બનાવની જાણ થતાં રેલવે મંત્રી સુરેશ પ્રભુ રેલવે બોર્ડના અધ્યક્ષની સાથે ઘટનાસ્થળ માટે રવાના થઈ ગયા હતા. મિશ્રાના કહેવા મુજબ વિજયાનગરમ અને રાયગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બચાવ અને રાહત કામગીરી તરત હાથ ધરાઈ હતી. આ ટ્રેનમાં કુલ ૨૨ બોગી હોવાના અહેવાલ મળ્યા છે. અકસ્માત થયા બાદ રાયગઢ અને વિજયાનગરમ માર્ગ ઉપર ટ્રેન સેવા ખોરવાઈ ગઈ હતી. ઓછામાં ઓછી ત્રણ ટ્રેનોને રદ કરવામાં આવી છે જ્યારે આઠ ટ્રેનોના માર્ગો બદલી દેવામાં આવ્યા છે. લગેજ સહિત ગાર્ડવેન સહિત અન્ય ૧૩ ડબ્બા સંભલપુર-અંગુલ માર્ગ થઈને ભુવનેશ્વર જઈને રાયગઢ માટે રવાના થઈ હતી. રેલવેએ યાત્રીઓને લઈ જવા માટે પાર્વતીપુરમ બસ ડિપોની સાથે મળીને બસની તરત વ્યવસ્થા કરી હતી. યાત્રીઓને પલાસા અને બહેરામપુર વિસ્તારમાં જવા માટે પાંચ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. ફસાઈ ગયેલા લોકોને તેમના નિર્ધારિત સ્થળ ઉપર લઈ જવા માટે કુલ ૧૫ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઘાયલોને હોસ્પિટલ સુધી લઈ જવા માટે ૧૦ એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### ગઠબંધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેબ્રુઆરીએ ૭૩, ૧૫મી ફેબ્રુઆરીએ ૬૭, ૧૯મી ફેબ્રુઆરી ૬૯, ૨૩મી ફેબ્રુઆરીએ ૫૩, ૨૭મી ફેબ્રુઆરીએ ૫૨, ત્રીજી માર્ચે ૪૯ અને ૮મી માર્ચે ૪૦ બેઠકો ઉપર ચૂંટણી યોજાનાર છે. મતગણતરી ૧૧મી માર્ચના દિવસે હાથ ધરવામાં આવનાર છે. યુપીમાં તમામ તૈયારીઓ ચૂંટણીને લઈને કરી લેવામાં આવી છે. જેના પરિણામ સ્વરુપે તમામ રાજકીય પક્ષો પોતપોતાની તૈયારીમાં વ્યસ્ત બની ગયા છે. ઉત્તરપ્રદેશમાં મુખ્યસ્પર્ધા આ વખતે સમાજવાદી પાર્ટી અને ભાજપ વચ્ચે દેખાઈ રહી છે. બહુજન સમાજપાર્ટી દ્વારા દ્વારા પણ પોતાની રીતે દલિતો અને મુસ્લિમ મત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી ચૂંટણી જીતવાની તૈયારી કરી છે.

### હિમવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જેના પરિણામ સ્વરુપે લોકો વિવિધ જગ્યાઓ ઉપર અટવાઈ ગયા છે. ધુમ્મસના કારણે સાવચેતીના પગલારુપે શ્રેણીબદ્ધ ટ્રેનો લેટ ચાલી રહી છે જ્યારે કેટલીક ટ્રેનોને રદ પણ કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરમાં તીવ્ર ઠંડીના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર દેખાઈ રહી છે. ધુમ્મસના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પાણીના સોર્સ જામી ગયા છે. તમામ યુનિવર્સિટીઓમાં ૨૯મી જાન્યુઆરી સુધી રજા જાહેર કરવામાં આવી છે. સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા એક સપ્તાહથી પણ વધુના સમયથી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી છે જેને લઈને દિલ્હી, એનસીઆર, નોઈડા સહિત છેક ઉત્તર પ્રદેશ સુધી પણ તેની અસર જોવા મળી રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે. સ્થિતીમાં હાલમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કોલ્ડવેવના કારણે લોકો બેહાલ છે. ઉત્તર ભારતમાં પણ તીવ્ર ઠંડી પડી રહી છે. રાજસ્થાન, હિમાચલ, પંજાબ અને હરિયાણાઁમાં વિમાની સેવા અને ટ્રેન સેવા પર અસર થઈ છે.ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં ધુમ્મસના કારણે વાહન વ્યવહારને પણ માઠી અસર થઈ છે. છેલ્લા ઘણા દિવસથી ધુમ્મસની સ્થિતી જોવા મળે છે. ભારતીય રેલવે સ્ટેશન પર યાત્રી બેહાલ બન્યા છે. એક તરફ ધુમ્મસ અને બીજી તરફ ઠંડીમાં વધારાના કારણે લોકોને લાંબા સમય સુધી ઠંડીમાં ઠુઠવાઈને પણ ટ્રેનની રાહ જોવી પડી છે.

### સપાનું વચન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વચનો ઉપરાંત સમાજવાદી પાર્ટીના તમામ ધારાસભ્ય પોતાના વિધાનસભા ક્ષેત્ર માટે વિકાસની રુપરેખા તૈયાર કરશે. અખિલેશે કાર્યક્રમમાં કહ્યું હતું કે, તેમની સરકારમાં એવા કોઈ જિલ્લા રહ્યા નથી જ્યાં કામ થયું નથી. પોતાની સિદ્ધિઓની અખિલેશે વાત કરી હતી. ખાસ કરીને છેલ્લા પાંચ વર્ષ દરમિયાન બિછાવવામાં આવેલી રસ્તાઓ જાળ અને એક્સપ્રેસ વેનો ઉલ્લેખ કર્યો હતો. તમામ યોજનાઓને વધુ અસરકારકરીતે રજૂ કરવામાં આવશે. લેપટોપ પણ દરેક જગ્યાએ પહોંચી ગયા છે. તેમણે કહ્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયાની વાત કરી રહેલા લોકોને તેઓ પુછવા માંગે છે જો ફોનથી બેંકિંગ ચાલી શકે છે તો લેપટોપથી કેમ નહીં. સમાજવાદી પાર્ટી સ્માર્ટ ફોન યોજના હેઠળ પ્રદેશના એક કરોડ ૪૦ લાખ લોકોની નોંધણી કરાવી ચુકી છે. સરકાર બન્યા બાદ તમામ લોકોને એક સ્માર્ટ ફોન આપી દેવામાં આવશે જે ડિજિટલ ઈન્ડિયાને આગળ વધારવા માટે કામ કરશે. ગરીબ મહિલાઓને પ્રેશર કૂકર આપવામાં આવશે જેથી તે ઓછા સમયમાં ભોજન બનાવી શકશે. નોકરી કરતી મહિલાઓ માટે હોસ્ટેલ બનાવવામાં આવશે. આ મહિલાઓને યુપી રોડવેઝની બસમાં ભાડામાં ૫૦ ટકા છુટછાટ આપવામાં આવશે. સમાજ કલ્યાણ સાથે જોડાયેલા વચનો પણ આપ્યા હતા. તેમણે કહ્યું હતું કરે, સમાજવાદી પાર્ટીની સરકાર બન્યા બાદ પ્રદેશમાં એક કરોડ ગરીબ લોકોને એક હજાર રૂપિયા માસિક પેન્શન આપવામાં આવશે. મફતમાં ઘઉં અને ચોખા ઉપલબ્ધ કરાવવામાં આવશે. લખનૌમાં મેટ્રોના કામને યોગ્ય સમયે પૂર્ણ કરવામાં આવશે.

### વિચિત્ર મિજાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ. જયારે છેલ્લા એક અઠવાડીયામાં ઠંડીના પારાની સતત ચઢ ઉતરના લીધે લઘુત્તમ તાપમાનમાં સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. એક સપ્તાહની વાત કરીએ તો લઘુત્તમ તાપમાન ૭.૫ ડી ગ્રી થી ગગડીને ૧૬ ડી ગ્રી સુધી વધઘટ થતા દર બે દિવસે વાતાવરણમાં બદલાવ જોવા મળે છે. એક અઠવાડીયામાં ઠંડીના પારામાં ૯ ડી ગ્રીની ચઢઉતર જોવા મળી હતી. જયારે ઠંડીની વધઘટ વચ્ચે કયારેક વાદળિયુ વાતાવરણ પણ જોવા મળ્યુ હતુ. ઠંડીની મોસમમાં સતત બદલાતા વાતાવરણથી નગરજનો પણ સુસ્તીનો ભોગ બની રહયા છે. જયારે મૌસમના આ વિચિત્ર મિજાજથી જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. નગરજનો તાવ શરદી સહીતની અનેક નાની મોટી તકલીફોનો ભોગ બની રહયા છે. ઠંડીની સાથે મહત્તમ તાપમાન પણ ૩૦ ડી ગ્રીની નજીકમાં રહેતા દિવસે ઘણીવાર ગરમીનો અહેસાસ થાય છે. જેના પરિણામે ઠંડી અદ્રશ્ય થઈ જતા બેવડી ઋતુનો અનુભવ પણ નગરજનો માટે સુસ્તીનુ કારણ બન્યો છે. ઠંડીના પારાની વધઘટ વચ્ચે મોસમના બદલાતા મિજાજથી જનજીવન પ્રભાવિત છે. જયારે આગામી દિવસોમાં ઠંડીની મૌસમ વધુ પ્રભાવિત થાય તેવી સંભાવના છે. અલબત્ત હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ ઉત્તર ભારતમાં ભારે બરફ વર્ષા થવાની સંભાવના છે. જેના લીધે ગુજરાતમાં પણ વધુ ઠંડી પડવાની સાથે વાદળિયા વાતાવરણની અસર જોવા મળશે. જયારે રાજસ્થાનના કેટલાક ભાગ ઉપરાંત યુ પી પંજાબ હરિયાણા અને કાશ્મીર અને ઉત્તરાખંડ સહીતના વિસ્તારમાં પણ તેની વિશેષ અસર જોવા મળશે. જયારે ગુજરાતમાં પણ ઠંડીની ઋતુ વધુ પ્રભાવિત થાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### નનૈયો ભણ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા માટે વૈકલ્પિક જગ્યા શોધવાની દિશામાં તંત્ર ધ્યાન કેન્દ્રીત કરશે તેમ મનાઈ રહ્યુ છે. વર્તમાન મકાન નાનુ પડે છે તેમજ ૩૦ વર્ષ જેટલુ જુનુ થઈ ગયુ હોવાથી તેની મરામત જાળવણી અને નિભાવણીનો ખર્ચ પણ વધી રહ્યો છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતને નવી જગ્યા ફાળવવી જોઈએ તેવી માંગણી ૧૯૯૫થી સતત કરવામાં આવી રહી છે અને સરકાર દ્વારા યેનકેન પ્રકારે આ માંગણીનો નજર અંદાજ કરવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લો જ્યારે ૧ તાલુકાનો બનેલો હતો ત્યારે આ મકાન તાલુકા પંચાયત માટે ફાળવવાની વાત કરાઈ હતી. આ મકાનની સનદ જો કે જિલ્લા વિકાસ અધિકારીના નામની છે! આ પછી જિલ્લામાં ત્રણ તાલુકાઓને ભેળવવામાં આવતાં આ કચેરી નાની પડે છે તેમજ અધિકારીઓને ફાળવવા પાત્ર જગ્યા પણ ફાળવી શકાતી નથી. જિલ્લાની કેટલીક કચેરીઓ તો ભાડાના મકાનમાં બેસે છે.

જિલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા વધતા સામાન્ય સભાનો હોલ પણ નાનો પડે છે. પંચાયતે બે માળ એકસ્ટેશન કરીને બાંધ્યા હોવા છતાં સમસ્યાનું નિરાકરણ થયુ નથી. જિલ્લા પંચાયતના રેકર્ડને સાચવવા માટે રેકર્ડ રૂમની પણ વ્યવસ્થા અપુરતી હોવાથી ઘણી બધી સમસ્યાઓ ઉભી થવા પામી છે.

### બિમારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે તજજ્ઞો દ્વારા આંખના વિવિધ રોગથી પિડાતા ૯૫, દાંતની બિમારી ધરાવતા ૫૨, ચામડીની બિમારી ધરાવતા ૪૮, નાક-કાન-ગળાની બિમારી ધરાવતા ૪૫ અને અન્ય રોગ ધરાવતા ૬૩ જેટલા બાળકોની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે.

જિલ્લામાં કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યા પણ ચિંતાજનક હોવાનું આ કાર્યક્રમમાં બહાર આવ્યું છે. જિલ્લામાંથી હૃદયની બિમારી ધરાવતા બાળકો ગાંધીનગર તાલુકામાંથી વધારે મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્થૂળતા ધરાવતા બાળકો તેમજ તમાકુનું સેવન કરતા ૪૦થી વધુ બાળકો મળી આવ્યા છે તે પણ ચિંતાજનક હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

જિલ્લામાં આગામી દિવસોમાં સ્વસ્થ જીવન માટેનું અનોખુ અભિયાન યોજવાનું કેટલાક સ્વૈચ્છિક સંગઠ્નો વિચારી રહ્યાનું જાણવા મળેલ છે.

### કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

મીલ્કત જપ્તીના કેસમાં લાગુ પડી શકે નહિ દેશના દરેક રાજયના નાગરિકો માટે સમાન બંધારણીય કાયદાની જોગવાઈ છે જેનું પાલન ફરજીયાતપણે દેશના દરેક નાગરિકો કરવા બંધાયેલ છે તેમજ દેશના બંધારણ અને કાયદાના નિયમોનો ભંગ કરે તો દરેક રાજયના નાગરિકોને સમાન સજા અને દંડ લાગુ પડે છે કોઈ રાજયના નાગરિકોને વિશિષ્ટ દરજ્જો બંધારણ મુજબ આપેલ નથી માત્ર ચલ અચલ સંપત્તી હસ્તાંતરના ૧૯૨૦ ના નિયમો સ્થાનિક લોકોના વ્યવહારોને લગતા છે. ભારતીય સ્ટેટ બેન્કને આ નિયમો લાગુ પાડી શકાય નહિ કારણ કે તે ભારતના દરેક નાગરિકની બેન્ક છે અને જેનું સંચાલન મધ્યસ્થ મુખ્ય શાખા દ્વારા થાય છે. તાબાની બેન્કોએ તેના નિતિ નિયમો મુજબ જ કાર્યવાહી કરવાની રહે છે.

અંતમાં જમ્મુ કાશ્મીરના રહેવાસીઓને એક અલગ અને વિશિષ્ટ વર્ગના રૂપમાં દર્શાવવા એ આખો વિચાર જ પ્રારંભથી ખોટો છે જે મુજબ હાઈકોર્ટે ફેંસલો આપી શકે નહિ પ્રતિભુત હિત પ્રવર્તમાન અધિનિયમ ૨૦૦૨ ના નિયમોને સમગ્ર જમ્મુ કાશ્મીરમાં લાગુ થઈ શકે છે. રાજય વિધાન મંડળથી બનેલા કોઈ જ કાયદા ઉપર અસર કરતા કોઈ જ કાયદા જમ્મુ કાશ્મીરમાં લાગુ પાડી શકાય નહિ દેશનું બંધારણ રાજયના બંધારણ અને કાયદાથી ઉપર છે.

### અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

લાંબે ગાળે એનો ફાયદો થઈ શકશે. કેશલેસ વ્યવહારો સ્થાપિત કરવામાં ઉતાવળે આંબા પાકે નહીં એવો તેમનો મત હતો. સ્કેન્ડિનેવિયાનું ઉદાહરણ આપતાં વેંકી કહે છે કે ત્યાં ઓછામાં ઓછા વ્યવહારો રોકડથી થતા હોવાથી ભ્રષ્ટાચાર પણ ઓછો જોવા મળે છે.

ત્રણ વર્ષની વયે ૧૯૫૫માં મા-બાપ સાથે વડોદરા આવીને વસેલા વેંકરામને ૧૯૭૧માં એમ.એસ.માંથી બીએસ.સી. કર્યું. ત્યાર પછી એ વિદેશવાસી બન્યા છે.વર્ષ ૨૦૧૦માં વડોદરા આવ્યા પછી હજુ હમણાં એ વડોદરાની મુલાકાત લઈને બાળપણની યાદો અને મિત્રો સાથેનાં સંસ્મરણો વાગોળી શક્યા હતા. નોબેલ-વિજેતા વેંકીના મતે, વિજ્ઞાનના ક્ષેત્રમાં રાજકારણ, વ્યક્તિગત કે ધાર્મિક વિચારધારાઓને સ્થાન નથી. વૈજ્ઞાનિક શોધખોળોમાં તથ્યો અને પ્રયોગોનું જ મહાત્મ્ય હોવાનું એ ભારપૂર્વક કહે છે. એટલે જ બે હજાર વર્ષ પહેલાંના વેદકાલીન વિમાનની વાતને એ સ્વીકારી શકતા નથી. ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસને તેઓ શંભુમેળો ગણાવે છે અને એમાં વૈજ્ઞાનિક વિચારોના આદાન-પ્રદાનને ઝાઝું સ્થાન નહીં મળતું હોવાનું જણાવીને નિરર્થક લેખાવે છે. અમેરિકા ઈ.સ. ૧૯૦૮માં સુપરપાવર બન્યું, પણ વિજ્ઞાનક્ષેત્રે તેણે આગવું સ્થાન મેળવવા માટે ચાર દાયકા પ્રતીક્ષા કરવી પડી હતી. પોતાને નોબેલ પારિતોષિક અણધાર્યું મળ્યું હતું. એવોર્ડ કે પારિતોષિકનું મહાત્મ્ય નથી, નિરંતર શોધખોળ ચાલુ રહે એનું મહત્ત્વ છે. નોબેલ મેળવવાની કોઈ ફોર્મ્યુલા ના હોઈ શકે.

- haridesai@gmail.com